પ્રિય માતાપિતાઓ

**વિદ્યાર્થીની પહેલી ભાષા જાણવી અને તેની નોંધ કરવી**

હું તમારા બાળકની પહેલી ભાષા વિશે પૂછતું એક પત્રક બીડું છું. આ એ ભાષા છે, જે તમારું બાળક તેના બાલ્યાવસ્થાના પ્રારંભિક વર્ષોમાં જાણતું થયું અને જેનો ઉપયોગ તે હાલમાં તમારા ઘરમાં કે સમુદાયમાં કરી રહ્યું છે.

જો તમારા બાળકની પહેલી ભાષા ઇંગ્લિશ સિવાયની કોઇ અન્ય ભાષા હોય તો, કૃપા કરીને આ ભાષાની નોંધ કરો. આ પ્રશ્ન એના વિશે નથી કે તમારું બાળક કેટલી સારી ઇંગ્લિશ બોલે છે.

જો તમારું બાળક 11 વર્ષ કે તેથી ઓછી ઉંમરનું હોય તો, તમારે તેના માટે પત્રક ભરવું જોઇએ. જો તેની ઉંમર 11થી 15 વર્ષની હોય તો, તમારે તેને પત્રક ભરવામાં મદદ કરવી જોઇએ. જો તેની ઉંમર 16 વર્ષ કે તેથી વધુ હોય તો, તેણે પત્રક ભરવું જોઇએ.

કૃપા કરીને આ પત્રક મને બીડેલા પરબીડિયામાં પરત કરો અથવા તેને સ્કૂલની ઑફિસમાં મોકલો અથવા સાથે લઇ આવો (અથવા જો તમને એ ઇમેલથી મોકલવામાં આવ્યું હોય તો ઇમેલ દ્વારા પરત મોકલો). જો પત્રક ભરવામાં તમને મદદ જોઇતી હોય તો, કૃપા કરીને સ્કૂલની ઑફિસનો સંપર્ક કરો.

તમે આપેલ માહિતી ખાનગી રાખવામાં આવશે. તેનો ઉપયોગ સ્કૂલને તમારા બાળક વિશે વધુ સારી માહિતી આપવા અને બધાં બાળકોને તેમની પૂર્ણ ક્ષમતા હાંસલ કરવાની તક મળે એ વાતની અમને ખાતરી કરવામાં મદદરૂપ થવા માટે કરવામાં આવે છે.

આ માહિતીનું પ્રકાશન એ રીતે નહીં કરવામાં આવે કે જેથી બાળકને વ્યક્તિગત રીતે ઓળખી શકાય અને આ માહિતીનો ઉપયોગ કોઇ અન્ય હેતુસર નહીં કરવામાં આવે. ક્યારેક આ માહિતીનો સમાવેશ સ્થાનિક અને રાષ્ટ્રીય આંકડામાં કરવા માટે તેને લોકલ ઑથોરિટી (સ્થાનિક સત્તાધિકારી) અને DfESને આપવામાં આવશે.

તમારા બાળકની માહિતી કોઇ પણ અન્ય સ્કૂલને આપવામાં આવશે કે જ્યાં તમારા બાળકની બદલી કરવામાં આવી હોય, જેથી તમારે એ માહિતી ફરીથી આપવી નહીં પડે.

તમે કોઇ પણ સમયે તમારા બાળકની પહેલી ભાષા વિશેની માહિતી ચકાસવા અને જો ઇચ્છો તો તેને બદલવા અથવા કાઢી નાખવાની માગણી કરી શકો છો.

મદદ કરવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર.

સ્નેહાધીન,